**ઈ. એચ. પઠાણ**
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી અંકુર શાહ.
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષય:– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી અંકુર શાહ ની અરજી આઈ.ડી. નં. ૨૦૪૪, તા.૨૬/૧૨/૧૭ બાબત.

સંદર્ભ:– (૧) સેન્ટ્રલ ઝોન તરફથી મળેલ અરજદારની મુળ અરજી આઈ.ડી.નં.૨૦૪૪, તા.૨૬/૧૨/૧૭
(૨) અરજદારની પ્રથમ અપીલ અરજી ન.૧૧૩, ૨૦૩/1 તા.૧૭/૦૨/૧૮ ના રોજ મળેલ અરજી.

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદાર શ્રી અંકુર શાહ ની સંદર્ભ (૧) માં જણાવેલ મુળ અરજી સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર તરફથી તા.૨૮/૧૨/૧૭ ના રોજ અત્રેના વિભાગને મળેલ હતી. સદર અરજીનો જવાબ ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ ન હોય, મજકુર અરજદારની પ્રથમ અપીલ અરજી સેન્ટ્રલ ઝોન વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારીશ્રીની સહી થયા વગર અત્રે તા.૧૭/૦૨/૧૮ ના રોજ તબદીલ થઈને મળેલ છે. જે અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ) તરફથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પત્ર અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ (૨) હેઠળની તા.૧૭/૦૨/૨૦૧૭ ની અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી આર.સી.પટેલ ને દિન–૦૭ માં તાકીદે પ્રત્યુત્તર પાઠવવાનો હુકમ કરવામાં આવે છે.

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૧૧૦
તા.૦૫/૦૩/૨૦૧૮

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

ન.ર. :–જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી આર.સી. પટેલ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯
☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
🖷 (૨૬૧) ૨૭૮૩૭૫૧
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– સુરત શહેર કોંગ્રેસ મહામંત્રીશ્રી,
શ્રી મુકેશ ગણપતલાલ રાણા
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષય:–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મુકેશ ગણપતલાલ રાણા ની અરજી આઈ.ડી. નં. ૧૦૪, તા.૧૯/૦૪/૨૦૧૭ બાબત.

સંદર્ભ:– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૧૫, તા.૦૪/૫/૧૭
(૨) અરજદારની અપીલ અરજી તા.૦૯/૦૫/૧૭.

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદારશ્રી મુકેશ ગણપતલાલ રાણા ની અરજી નં.–૧૦૪, તા.૧૯/૦૪/૧૭ અન્વયે સંદર્ભ–(૧) માં જણાવ્યા મુજબ જવાબ પાઠવવામાં આવેલ હતો. સંદર્ભ–(૨) માં જણાવેલ આપની અપીલ અરજીના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત તથા જાહેર માહિતી અધિકારીશ્રીએ આપેલ માહિતી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજી તા.૦૯/૦૫/૧૭ અન્વયે આપને સંદર્ભ–(૧) માંજણાવ્યા મુજબ પાઠવેલ જવાબ યોગ્ય જણાયેલ હોય, જે બાબતે વધુ કોઈ કાર્યવાહી રહેતી ન હોય. જેથી અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૨૭
તા.૧૮/૦૫/૨૦૧૭

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) શ્રી મુકેશ ગણપતલાલ રાણા, (સુરત શહેર કોંગ્રેસ મહામંત્રીશ્રી)

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯
☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
🖶 (૨૬૧) ૨૭૮૩૭૫૧
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી સંજય મહેરા
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.એકાઉન્ટન્ટશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષયઃ–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સંજય મહેરા ની અરજી આઈ.ડી. નં. ૯૬૪, તા.૩૦/૦૧/૨૦૧૭ બાબત.

સંદર્ભઃ– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૧૨૦, તા.૦૧/૦૩/૧૭
(૨) અરજદારની અપીલ અરજી નં.ડીએનજી/ઈન/આર.ટી.આઈ./૧૫૨, તા.૩૦/૦૩/૧૭
(૩) અત્રેના વિભાગનો પત્ર આરટીઆઈ/જાવક/૧૦, તા.૦૧/૦૫/૧૭

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી શ્રી સંજય મહેરા ની અરજી આઈ.ડી.નં.૯૬૪, તા.૩૦/૦૧/૨૦૧૭ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. એકાઉન્ટન્ટ શ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૧૨૦, તા.૦૧/૦૩/૧૭થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હતો. જેના અનુસંધાનમાં અરજદારશ્રી એ સંદર્ભ–૨ માં જણાવ્યા પ્રમાણે અપીલ અરજી કરેલ હતી. જે બાબતે તેઓને તા.૦૫/૦૫/૨૦૧૭ ના રોજ બપોરે ૧૨ઃ ૩૦ કલાકે તેઓની અપીલ અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું, તેઓશ્રીની ઉપસ્થિતિમાં થયેલ ચર્ચા સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારશ્રી તા.૦૫/૦૫/૧૭ નાં રોજ ૧૨.૩૦ કલાકે ડ્રેનેજ કચેરીમાં હાજર રહયા હતા, અરજદારશ્રીની રૂબરૂ મુલાકાત દરમિયાન થયેલ ચર્ચા સબબ તેઓને જરૂરી માહિતીની સમજ આપવામાં આવેલ હતી અને તેઓશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે. જેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૦૩
તા.૦૭/૦૪/૨૦૧૭

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**
આપનો વિશ્વાસુ

નકલ રવાના :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી એકાઉન્ટન્ટ શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ સારૂ.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી ગોહિલ માનવેસિંહ અજીતસિંહ
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષય:–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ગોહિલ માનવેસિંહ અજીતસિંહ ની અરજી આઈ.ડી. નં. ૧૬૨૦, તા.૧૫/૧૦/૨૦૧૬ બાબત.

સંદર્ભ:– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૭૫, તા.૦૮/૧૧/૧૬
(૨) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૮૨, તા.૩૦/૧૧/૧૬
(૩) અરજદારની અપીલ અરજી નં.ડીએનજી/ઈન/આર.ટી.આઈ./૯૨, તા.૦૭/૧૨/૧૬.
(૪) અત્રેના વિભાગનો પત્ર આરટીઆઈ/જાવક/૮૫, તા.૧૩/૧૨/૧૬

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી શ્રી ગોહિલ માનવેસિંહ અજીતસિંહ ની અરજી નં.–૧૬૨૦ (સેન્ટ્રલ ઝોન), તા.૧૫/૧૦/૨૦૧૬ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૭૫, તા.૦૮/૧૧/૧૬ ના અનુસંધાનમાં આપશ્રી ધ્વારા તા.૨૪/૧૧/૨૦૧૬ ના રોજ રેકર્ડ ચકાસણી કરવામાં આવેલ હતી. જે સંદર્ભે આપને જરૂરી માહિતી મુજબ કુલ ૭૦૦ પાનાના રૂા.૧૪૦૦/– ભરવા બાબતે સંદર્ભ–૨ માં જણાવ્યા મુજબ પત્ર પાઠવવામાં આવેલ હતો. અત્રેથી આપશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ હેઠળના પત્રથી અપીલ અરજી તા.૦૭/૧૨/૨૦૧૬ ના રોજ અત્રેના ખાતાને મળેલ જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તેમની તા.૨૭/૧૨/૨૦૧૬ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે આપની અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ અરજદારશ્રીને જરૂરીયાત મુજબની વિગતો પુરી પાડવા રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું, જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત તથા રૂબરૂ ચર્ચા–વિચારણા /સમજને ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી તા.૦૭/૧૨/૧૬ અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.૨૭/૧૨/૨૦૧૬ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ તે મુજબ હાજર રહયા હતા. જેના અનુસંધાનમાં અરજદારને રૂબરૂ સમજ આપી હતી અને આપના ધ્વારા જણાવેલ હતુ કે તમો ધ્વારા રૂા.૧૪૦૦/– ભરાયેલ છે અને જેની રસીદ અત્રેના વિભાગને દિન–૨ માં મોકલવામાં આવશે. આમછતાં આજદિન સુધી અત્રેના વિભાગને સદર રસીદ મળેલ નથી. સદર રસીદ મળ્યેથી આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતી આપશ્રીને અત્રેના વિભાગ ધ્વારા મોકલવામાં આવશે. જે આપશ્રીને વિદિત થાય. થયેલ ચર્ચા અનુસંધાને અરજદારે સંતોષ વ્યકત કરેલ છે.જેથી અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/
તા.   /   /૨૦૧૬

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩ શ્રી ગોહિલ માનવેસિંહ અજીતસિંહ
ગઢુવા, તા.સિહોર, જી.ભાવનગર

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯
☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષ્ટેન્શન ૨૦૧
(૨૬૧) ૨૭૮૩૭૫૧
xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

સાદર રજુ,

સવિનય રીપોર્ટ જે અરજદાર શ્રી ધામેલીયા રાધીકકુમાર જે. એ તેઓના આઈ.ડી. નં.૩૨૪ તા.૨૨/૬/૧૬ થી માહિતી માંગેલ જે માહિતી સામે તેઓએ અપીલ અરજી નં.ડીએનજી/ આરટીઆઈ/ ૪૭ તા.૩/૮/૧૫ થી અપીલ કરેલ છે. જે સંદર્ભે અરજદારને અપીલ અધિકારી સમક્ષ અપીલ કરેલ હોવાથી તેઓને રૂબરૂ સાંભળવા તારીખ અને સમય ફાળવી આપવા બાબતેનો પત્ર આ સાથે સામેલ હોય, જેના પર આપશ્રીની સહી થઈ આવવા વિનંતી.

જાહેર માહિતી અધિકારી અને
ડેપ્યુટી ઈજનેર (ડ્રેનેજ).

કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારી (ડ્રેનેજ)

સાદર રજુ,

સવિનય રીપોર્ટ જે અરજદાર શ્રી ધામેલીયા રાધીકકુમાર જે. ની અપીલ અરજી નં. ડીએનજી/આરટીઆઈ/૪૭ તા.૩/૮/૧૫ ની અપીલ અરજી સંદર્ભે અરજદારને અપીલ અધિકારી સમક્ષ તા. / /૧૬ નાં રોજ બપોરે ૧૨–૦૦ કલાકે રૂબરૂ હાજર રહેવા લખેલ પત્ર ઉપર આપશ્રીની સહી થઈ આવવા વિનંતી.

મદદનીશ જાહેર માહિતી અધિકારી અને
સેકશન ઓફીસર (ડ્રેનેજ),

કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારી (ડ્રેનેજ)

સાદર રજુ,

સવિનય રીપોર્ટ જે અરજદાર શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ, ની અપીલ અરજી નં.૧૭૫ બાબતે અરજદારને જાહેર માહિતી અપીલ અધિકારી સમક્ષ તા.૨૦/૭/૧૫ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવેલ તે અનુસંધાને તા.૨૦/૭/૧૫ નાં રોજ રૂબરૂ હાજર થયેલ. અને તે બાબતે તેઓને રૂબરૂ સમજણ પણ આપવામાં આવેલ છે. અને તેઓની ફરીયાદ અનુસંધાને પાણીની નળીકા ફરીથી રીપેર કરી આપવામાં આવેલ છે. જે બાબતનો જવાબ કરેલ પત્ર ઉપર આપશ્રીની સહી થઈ આવવા વિનંતી.

જાહેર માહિતી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજને અધિકારી અને
સેકશન ઓફીસર (ડ્રેનેજ).

કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારી (ડ્રેનેજ)

ભ૨૨:૨૧ દ: ખ::ૠ?બ૨ૠ ઘબ?ભ ન૨—ભઘઈ

સ.પ.ર.જાહેર માહિતી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (નોર્થઝોન) પ્રતિ,

સંદર્ભ :– (૧) નોર્થઝોન/આર.ટી.આઈ./આઈ.ડી.નં.૪૦૪, તા.૦૧/૦૮/૨૦૧૫

(૨) અરજદારશ્રીની અપીલ અરજી તા.૦૪/૦૭/૨૦૧૫

(૩) આપશ્રી ધ્વારા તબદીલ થયેલ અપીલ અરજી નં.૮૧, તા.૧૮/૦૯/૨૦૧૫

(૪) નોર્થઝોન/આર.ટી.આઈ./આઈ.ડી.નં.૯૭૯ તા.૨૬/૧૦/૨૦૧૫

સવિનય જણાવવાનું કે સંદર્ભ–૧માં જણાવ્યા મુજબ અત્રેના વિભાગમાં મળેલ અરજી બાબતે અત્રેના વિભાગ તરફથી જરૂરી જવાબ પાઠવવામાં આવેલ હતો. આમછતાં અરજદારધ્વારા તા.૦૪/૦૭/૨૦૧૫ ના રોજ અપીલ કરવામાં આવેલ હતી. સદર અપીલ અરજી સંદર્ભે અત્રેથી તા.૨૦/૦૭/૨૦૧૫ ના રોજ અરજદારશ્રીને રૂબરૂ સાંભળી જરૂરી હુકમ કરવામાં આવેલ હતો અને અરજદારના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતુ. એવું અરજદારે પોતાના તા.૦૧/૦૮/૨૦૧૫ ના પત્રમાં સ્પષ્ટ જણાવેલ છે.

ઉપરોકત હકીકતે જણાવવાનું કે અરજદારશ્રી ધ્વારા માન.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરાયેલ અપીલ અરજીમાં નામ સહિત જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (નોર્થઝોન) ને જ અપીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. આમછતાં આપના ધ્વારા સદર અપીલ અરજી અંદાજે ૨૦–૨૨ દિવસ બાદ ફરીથી અત્રે કયા કારણસર તબદીલ કરવામાં આવેલ છે. જેથી સદર અપીલ અરજીનો નિકાલ આપના ઝોન ધ્વારા જ કરવાનો રહે છે. જેથી મુળ અપીલ અરજી આપના પ્રતિ પરત રવાના કરવામાં આવેલ છે. જેથી વિદિત થઈ નિકાલ કરવા વિનંતી છે.

જાહેર માહિતી અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ)

બિડાણ : ઉપર મુજબ.

સ.પ.ર.જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (નોર્થઝોન) પ્રતિ,

સંદર્ભ :– (૧) નોર્થઝોન/આર.ટી.આઈ./આઈ.ડી.નં.૪૦૪, તા.૦૧/૦૮/૨૦૧૫

(૨) અરજદારશ્રીની અપીલ અરજી તા.૦૪/૦૭/૨૦૧૫

(૩) આપશ્રી ધ્વારા તબદીલ થયેલ અપીલ અરજી નં.૮૧, તા.૧૮/૦૯/૨૦૧૫

સવિનય જણાવવાનું કે સંદર્ભ–૧માં જણાવ્યા મુજબ અત્રેના વિભાગમાં મળેલ અરજી બાબતે અત્રેના વિભાગ તરફથી જરૂરી જવાબ પાઠવવામાં આવેલ હતો. આમછતાં અરજદારધ્વારા તા.૦૪/૦૭/૨૦૧૫ ના રોજ અપીલ કરવામાં આવેલ હતી. સદર અપીલ અરજી સંદર્ભે અત્રેથી તા.૨૦/૦૭/૨૦૧૫ ના રોજ અરજદારશ્રીને રૂબરૂ સાંભળી જરૂરી હુકમ કરવામાં આવેલ હતો અને અરજદારના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતુ.

ઉપરોકત હકીકતે જણાવવાનું કે અરજદારશ્રી ધ્વારા માન.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરાયેલ અપીલ અરજીમાં નામ સહિત જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (નોર્થઝોન) ને જ અપીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. આમછતાં આપના ધ્વારા સદર અપીલ અરજી અત્રે કયા કારણસર તબદીલ કરવામાં આવેલ છે. ? જો કે આવી અપીલ અરજી સંબંધિત અપીલ અધિકારીશ્રી મારફતે મોકલવામાં આવે તે વહીવટી દ્રષ્ટિએ યોગ્ય છે. જેથી સદર અપીલ અરજીનો નિકાલ આપના વિભાગ/ઝોન ધ્વારા જ કરવાનો રહે છે. જેથી મુળ અપીલ અરજી આપના પ્રતિ પરત રવાના કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ)